# આકાશવાણી –ભુજ

## સમાચાર વાચક: વિરલ રાણા

## કમ્પ્યુટરરાઈઝ: મીત  ગોર

**તારીખ :28-04-2024**  **સમય: સાંજે : ૬:૨૫**

## ગુજરાત  ચુંટણી સભા – કે.મંત્રી  રાજનાથ સિંહ

રાજ્યની લોકસભાની ચૂંટણીઓ માટે રાજ્યમાં ચૂંટણી પ્રચાર વેગ પકડી રહ્યો છે. આજે પણ કોંગ્રેસ, ભા□પના રાષ્ટ્રીય નેતાઓ સહિત ગુ□રાતના સ્થાનિક નેતાઓ ચૂંટણીસભાઓ અને રોડ-શો યોજીને મતદારોને રિઝવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

તો ભા□પના વરિષ્ઠ નેતા અને કન્દ્રીય સંરક્ષણ મંત્રી રા□નાથસિંહ પ્રચાર માટે ગુ□રાતના પ્રવાસે છે.તેમણે આજે સવારે અમદાવાદ ભા□પના પ્રદેશ કાર્યાલય ખાતેથી પત્રકાર પરિષદને સંબોધી હતી. તેમણે કહ્યું હતું કે, સરકારની દસ વર્ષની ઉપલબ્ધીઓ અને સુશાસન પ્રજા સમક્ષ છે. તેમણે કહ્યં હતું કે, કોંગ્રેસ દ્વારા લોકશાહી ખતરામાં છે તેવા આરોપો લગાવાયા છે તે તદ્દન પાયા વિહોણા છે. તેમણે વળતો પ્રહાર કરતાં કહ્યું કે, કોંગ્રેસ □ કટોકટી લાદીને લોકશાહીની હત્યા કરી હતી તે દેશ જાણે છે.

RNU AHMDAVAD

---

## ગુજરાત   ચુંટણી સભા –   રાહુલ ગાંધી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી આજે  દમણમાં કોંગ્રેસના ઉમેદવારના સમર્થનમાં જાહેરસભા સંબોધી. શ્રી ગાંધી આવતીકાલે પાટણમાં  કોંગ્રેસના ઉમેદવાર ચંદનજી ઠાકોરના સમર્થનમાં જાહેરસભા સંબોધશે.

RNU AHMDAVAD

---

## કચ્છ ચુંટણી પ્રચાર કાર્ય

ગુજરાત માં લોકસભા ચૂંટણી નો પ્રચાર હવે વેગ પકડી રહ્યો છે કચ્છ માં આ વખતે કોઈ મોટી સભા નું હજુ સુધી આયોજન થયું નથી પણ ગામડા અને શહેરો માં નાની સભાઓ જૂથ બેઠકો પર વિશેષ ભાર મુકાઈ રહ્યો છે.ચૂંટણી જંગ માં 11 ઉમેદવારો મેદાન માં છે પરંતુ ભાજપ અને કોંગ્રેસ નાં ઉમેદવારો વચ્ચે મુખ્યત્વે જંગ ખેલાશે બન્ને પક્ષો ના આગેવાનો કાર્યકરો ગામે ગામ ઘેર ઘેર ફરી પ્રચાર કાર્ય આગળ વધારી રહ્યા છે.

**સી એફ પટ્ટની**

---

## મતદાન જાગૃતિ ફ્લેશ મોબ - ભુજ

લોકસભા ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત જિલ્લામાં મતદાન જાગૃતિ બાબતે વિવિધ પ્રવૃત્તિઓ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર કચ્છ અમિત અરોરા અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈના માર્ગદર્શન હેઠળ થઈ રહી છે ત્યારે ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલ ૧૫ દિવસીય મતદાન જાગૃતિ કાર્યક્રમ અન્વયે સમગ્ર જિલ્લામાં ફ્લેશ મોબ અંતર્ગત ભુજ શહેરમાં બેન્ડની ટીમ દ્વારા જ્યાં જાહેર જનતાની ભીડ વધુ રહે છે તેવા સ્થળોએ બેન્ડની પ્રસ્તુતિ દ્વારા મતદાન જાગૃતિ ફેલાવવા પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ફ્લેશ મોબ અંતર્ગત ભુજ શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓએ બેન્ડની પ્રસ્તુતિ રજૂ કરી હતી. શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર,મિરજાપર, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ,ભુજ, માતૃશ્રી આર. ડી. વરસાણી, ભુજ જેવી સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા ભુજ શહેરમાં વિવિધ સ્થળો જેવા કે હમીરસર તળાવ થી લેકવ્યુ હોટેલ, જ્યુબિલિ સર્કલ, પેન્શનર ઓટલાથી બસ સ્ટેન્ડ સુધીના માર્ગો ઉપર બેન્ડની પ્રસ્તુતિ દ્વારા બહોળા મતદાર વર્ગ સુધી મતદાન જાગૃતિનો સંદેશ વહેતો કરવામાં આવ્યો હતો.

માહિતી ખાતું

---

## હોમ વોટીંગ

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે ૮૫+ ઉંમરના વરિષ્ઠ નાગરિકો તથા વિકલાંગ મતદારો ઘર બેઠા પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જે માર્ગદર્શિકા અન્વયે કચ્છ સંસદીય મતદાર વિભાગમાં બી.એલ.ઓ.શ્રી દ્વારા સર્વેની કામગીરી કરવામાં આવી હતી. જે અન્વયે કચ્છના ૬૫-મોરબી સહિતના અલગ અલગ મતદાર વિભાગમાંથી ૮૫ વર્ષ + કેટેગરીના ૧૨૯૬ મતદારો તથા ૪૧૫ PWD મતદારો સહિત કુલ ૧૭૧૧ મતદારોના ફોર્મ પ્રાપ્ત થયા હતા.

ઉકત વિગતે કુલ ૧૭૧૧ મતદારોના ઘરે જઈને વોટિંગ કરાવવા કચ્છ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા કુલ ૧૦૭ જેટલી પોલીંગ ટીમો, માઈક્રો ઓબ્ઝર્વર, પોલીસ તથા વીડિયોગ્રાફર સહિત અધિકારીઓ સાથે ઘરે જઈને તા.૨૫/૦૪/૨૦૨૪ થી તા.૨૮/૦૪/૨૦૨૪ સુધી મતદાન કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

માહિતી ખાતું

---

## પોરબંદર નશીલા પદાર્થ ઝડપાયું

પોરબંદર જળસીમા નજીકથી 86 કિલો ડ્રગ્સનો જથ્થો જપ્ત સુરક્ષા એજન્સીનું સફળ ઓપરેશન 600 કરોડના નશીલા પદાર્થ સાથે 14 પાકિસ્તાનીને ઝડપ્યા. આ ઓપરેશનમાં ભારતીય કોસ્ટ ગાર્ડ (ICG) એન્ટી ટેરરિઝમ સ્કવોડ (ATS) અને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો (NCB)એ સહયોગ કર્યો હતો, જે સફળ ઓપરેશનમાં પરિણમ્યું હતું.

NP

---

## તમારા મતદાન કેન્દ્રને ઓળખો

ત્રીજા તબકામાં ૭ મી મેં ના રોજ ગુજરાત માં લોકસભા ની ચુટની લઇ તૈયારીઓ પૂર્ણ કરીદેવા માં આવી છે ત્યારે દરેક મત ક્ષેત્ર માં આવતા મતદાન કેન્દ્ર અને બુથ શોધવા માટે મતદારોને તકલીફ ના પડે તે માટે તમારા મતદાન કેન્દ્ર ને ઓળખો અભિયાન હેઠળ આજે કચ્છ ના તમામ ૧૮૪૪ મતદાન મથકોએ ની જાણકારી મેળવી શકે તે માટે જગૃતિ અભિયાન ચલવવા માં  આવ્યું હતું

NP

---

## હાજીપીર મેળો

કચ્છ ની રણકાંધી એ આવેલા  હાજીપીર બાબાના ત્રિ દિવસીય મેળામાં બે દિવસમાં 2 લાખ લોકો ઉમટ્યા.આ  મેળો શનિવારે સવારે વિધિવત રીતે હાજીપીર બાબાને ચાદરપોસી કરી મેળો ખુલ્લો મુકાયો હતો. શુક્રવાર અને શનિવાર સુધીમાં બે લાખ લોકોએ માથું ટેકવ્યું હતું. વહીવટી તંત્ર અને પોલીસ તેમજ વ્યવસ્થા સમિતિ દ્વારા સુવિધા અપાઈ રહી છે

NP

---

## IPL

IPL ક્રિકેટમાં આજે પ્રથમ મેચમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને 201 રનનો લક્ષ્યાંક આપ્યો છે

જયારે બીજી મેચ ચેન્નાઈ સુપર કિંગ્સ ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે સનરાઈઝર્સ હૈદરાબાદ સાથે ટકરાશે. મેચ સાંજે સાત વાગ્યે શરૂ થશે.

air news

---